ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૭/૨૩-૨૪/ 1499 તારીખ : 09 NOV 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ,**
**ઝાબેલા, મકાન નં-૯૬૨, પરામાં,**
**મું.ઝાબેલા,**
**તા.રાણપુર,**
**જી.બોટાદ-૩૮૨ ૨૫૫**

કેસ નં.૫૭/૨૩-૨૪

**મો.નં- ૯૮૭૯૩ ૯૮૧૨૮**

**વિષય : નવું વિજ જોડાણ અન્યની બાકી રકમ હોઈ ન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૧૦/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૨/૧૦/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૩-૨૪/૧૪૩૦ તા.૧૬/૧૦/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૩-૨૪/૧૪૪૦ તા.૧૯/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૧/૧૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **રાણપુર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૫૭/૨૩–૨૪</u> ☜

વાદી :– **શ્રી નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૧/૧૧/૨૦૨૩</u>** ◈

હાજર રહયા :– **શ્રી નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ (વાદી પોતે) તથા શ્રી નરોતમભાઈ ડાયાભાઈ નાગડુકીયા (વાદીના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ, મું.ઝાબેલા, તા.રાણપુર, જી.બોટાદની નવું વિજ જોડાણ અન્યની બાકી રકમ હોઈ ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૭/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૩–૨૪/૧૪૩૦ તા.૧૬/૧૦/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૧/૧૧/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ તથા તેમના પુત્ર શ્રી નરોતમભાઈ ડાયાભાઈ નાગડુકીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી રજુઆત છે કે અમોએ નવા વીજ જોડાણ માટે ઘર વપરાશ અને ખેતીવાડી વીજ જોડાણ માટે માંગણી કરેલ છે. પરંતુ અમોને જેઠાભાઈ થોભણભાઈ ના બાકી રકમ ભરવાનું જણાવે છે.

૧.૨ અન્ય બાબુભાઈ વિઠલભાઈ અને જેઠાભાઈ થોભણભાઈ ને બીલ બાકી હોવા છતાં ઘરનું સોલાર અને વાડી નું નવુ કનેકશન આપેલ છે અને અમોને નવું કનેકશન આપવા ઈન્કાર કરે છે.

૧.૩ આ બાબતે અમોને જાણકારી મળતા આપની ઓફીસમાં રજુઆત કરેલ છે. આપને જરૂરી ડોકયુમેન્ટ મોકલેલ છે. પીજીવીસીએલ એક માત્ર પાવર સપ્લાય કંપની હોય જો નવું વીજ જોડાણ ના આપે તો મકાન માલિક પાવર વગર રહેવા મજબુર થતા હોય તો અમોને ન્યાય આપવા વિનંતી પીજીવીસીએલ રાણપુર ઓફીસે ઉપર નામ આપ્યા તેની સાથે મિલી ભગત છે.

P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર અરજદાર દ્વારા તેમની રજુઆત સાથે બીડેલ દસ્તાવેજોમાં (૧) ડાયાભાઈ જેઠાભાઈ ના નામે પરાવિસ્તાર, જાળીલા ગામે ઘર વપરાશ નું વીજ જોડાણ અંગે નું એ–૧ ફોર્મ અને આકારણી દાખલો (૨) લાલજીભાઈ ડાયાભાઈ ના નામના પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ અંદાજપત્રોની નકલ (૩) બાબુભાઈ વિઠ્ઠલભાઈ ના નામના નો ડ્યુ સર્ટીફીકેટ જોડેલ છે.

૨.૨ ઓફીસ રેકર્ડ મુજબ અરજી સાથે જોડેલ એ–૧ ફોર્મ મુજબની કોઈ અરજી અરજદાર દ્વારા રાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે નોંધણી કરાવેલ નથી. વધુમાં, નાયબ ઈજનેર, રાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ અરજીના અનુસંધાને સ્થળ તપાસ કરતા માંગણી વાળા સ્થળે જેઠાભાઈ થોભણભાઈ, ગ્રાહક નં–૬૧૭૨૬૦૦૩૭૧૦ વાળું આરજીપીઆર કેટેગરીનું ઘર વપરાશનું વિજ જોડાણ હયાત હતું. જે વિજ જોડાણ ખાતે રૂ.૯૫૦૪/૯૮ બાકી હોવાથી મીટર સર્વિસ ઉતારી તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ જમા કરેલ છે. જે જગ્યાના વપરાશ કરતા નાગડુકીયા ડાયાભાઈ જેઠાભાઈ અને તેમના પુત્ર નરોતમભાઈ ડાયાભાઈ માલૂમ પડેલ છે.

૨.૩ વધુમાં, લાલજીભાઈ ડાયાભાઈના નામનું ૧૫ હો.પા.નું ખેતીવાડી વિજ જોડાણ જાળીલા ગામના ખેતીવાડી સર્વે નંબર–૧૫૧ પૈકી ૨ માં તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ માંગણી કરેલ. જે અન્વયે, રાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ જરૂરી અંદાજપત્ર અરજદારને પાઠવવામાં આવેલ. જે અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ–૦૮/૧૧/૨૦૨૧ હતી.

૨.૪ અરજદાર દ્વારા સંમતિપત્રક માટે સદર અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા ૬૦ દિવસ વધારવા તા.૦૮/૧૧/૨૦૨૧ ના રોજ રાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે અરજી આપેલ. જેની જરૂરી મંજુરી મળતા, તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સમયમર્યાદા તા.૦૫/૦૧/૨૦૨૨ સુધીની કરી ફરીથી અંદાજપત્ર રૂબરૂ આપવામાં આવેલ છે. તેમજ અંદાજપત્રમાં સદર અંદાજપત્ર સ્વીકાર્યા બદલ ડાયાભાઈ જેઠાભાઈ નામની સહી કરેલ છે.

૨.૫ આમ,સદર અરજદાર દ્વારા અંદાજપત્ર સમયમર્યાદામાં ભરપાઈ કરેલ ન હોવાથી, માંગણી વાળા ખેતીવાડી વિજ જોડાણની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

૨.૬ આજની તારીખની સ્થિતિએ ગ્રાહકશ્રી બાબુભાઈ વિઠ્ઠલભાઈ, જેઠાભાઈ થોભણભાઈ ના નામના વિજ જોડાણની વિગત અને સ્થીતી નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

| ક્રમ | ગ્રાહક નં | ગ્રાહકનું નામ | ટેરીફ | લોડ | કનેકશન તારીખ | એનપીડીસી તારીખ | બાકી જમા રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૧૬૨૬૦ ૨૩૫૦૮ | બાબુભાઈ વિઠલભાઈ | A-2 | ૭.૫ | ૬.૧૨.૨૨ | ..... | -૧૭૪ |
| ૨ | ૬૧૭૨૬૦ ૧૦૬૫૧ | જેઠાભાઈ થોભણભાઈ | A-1 | ૧૫ | ૧૨.૯.૮૨ | ૨૬.૧૦.૨૩ | ૧૧૧૭૫ |
| ૩ | ૬૧૬૭૨૬ ૦ ૦૩૭૧૦ | જેઠાભાઈ થોભણભાઈ | RGPR | ૦.૫ | ૨૪.૯.૯૭ | ૨૫.૯.૨૩ | ૭૯૩૧.૧૮ |

આમ, ઉપરોકત કારણોસર અરજદારને ડાયાભાઈ જેઠાભાઈ નામનું ઘર વપરાશનું કે લાલજીભાઈ ડાયાભાઈના નામનું ખેતીવાડી વિજ જોડાણ આપવામાં આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ડાયાભાઈ જેઠાભાઈ નાગડુકીયા, મું.જાબેલા, તા.રાણપુર દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ગામ જાબેલા ખાતે નવું ઘર વપરાશનું અને ખેતીવાડી વિજ જોડાણ ન આપવા બાબતે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને ધ્યાને લઈ આજરોજ તા.૦૧/૧૧/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમાં, બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસમાં વાદીએ ઘર વપરાશના કનેકશન માટે રજૂ કરેલ દસ્તાવેજો પ્રતિવાદીની કચેરીએ નોંધણી થયેલ નથી. તેમજ તે જગ્યાએ એક હયાત કનેકશન નં – ૬૧૭૨૬/૦૦૩૭૧/૦ જેઠાભાઈ થોભણભાઈ ના નામે છે. જેમાં રૂા.૯૫૦૪/૯૮ બાકી હોઈ, તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ મીટર સર્વિસ ઉતારેલ છે. સુનાવણી દરમ્યાન વાદીએ તે બાકી રકમ ભરપાઈ કરી આપવા બાબતે સહમતી દર્શાવેલ છે. જે ભર્યેથી પ્રતિવાદીએ નિયમોનુસાર ઘર વપરાશનું કનેકશન આપવું જોઈએ.

૩.૪ વાદી દ્વારા જાંબેલા ગામ સર્વે નં–૧૫૧ પૈકી ૨ માં તા.૨૭/૦૮/૨૦૨૦ ની અરજીથી ખેતીવાડી વિજ કનેકશન માંગણી કરવામાં આવેલ છે. જે અંગે પ્રતિવાદી દ્વારા પ્રથમ તા.૦૭/૧૦/૨૦૧ ના રોજ તેમજ ત્યારબાદ મુદત વધારી તા.૨૮/૧૨/૨૦૨૧ થી મુદત વધારી આપવામાં આવેલ. જેને ભરપાઈ કરવાની અંતિમ તા.૦૫/૦૧/૨૦૨૨ હતી. પરંતુ, વાદીએ તે રકમ ભરપાઈ ન કરતા વિજ કનેકશન આપવાની કાર્યવાહી કરવામાં આવેલ નહી.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૫ આ તબકકે વાદી દ્વારા અન્ય ૨ અરજદારો (૧) જેઠાભાઈ થોભણભાઈ તેમજ (૨) બાબુભાઈ વિઠલભાઈ ને બાકી હોવા છતાં કનેકશન આપવાની રજૂઆત કરેલ. પરંતુ, રેકર્ડ જોતા જણાય છે કે, જે તે સમયે કનેકશન રીલીઝ કરતા સમયે તે જગ્યા પર કોઈ બાકી લેણું હતું નહી. વિશેષમાં તે સર્વે નંબર પણ અલગ છે. આથી વાદીની ફરીયાદને સમર્થન મળતું નથી.

૩.૬ ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા આથી હુકમ કરવામાં આવે છે કે, વાદીએ ઘર વપરાશનું જુનું લેણું ભરપાઈ કરવાનું રહેશે ત્યારબાદ નવેસર થી ઘર વપરાશના વીજ કનેક્શનની અરજી કરવી, તદ્ઉપરાંત ખેતીવાડી વીજ જોડાણ માટે પણ જરૂરી નોટરાઈઝડ સંમતીપત્રક સહિતના તમામ દસ્તાવેજો સહીત જુનું લેણું ભરપાઈ થયેથી, અરજી પર આગળની કાર્યવાહી પ્રતિવાદીએ હાથ ધરવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :— ૦૧/૧૧/૨૦૨૩.